સુવિચાર : બધુય આપે છે દુનિયાના લોક પણ... ખરચેલ શ્વાસ પાછા કોઇ આપતું નથી - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઇ, ૨૦૧૫, સોમવાર ; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ચાકૂબને ટેકો આપ્યા બાદ સલમાને બિનશરતી માફી માંગી Page-6

# ગાંધીનગર ધોધમાર વરસાદથી છલકાયુ

ગાંધીનગર, તા. ૨૬

આખરે ઘણા દિવસોના ઈન્તજાર બાદ શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. એક જ દિવસમાં શહેરમાં ૧૩૬ મી.મી. જેટલો એટલે કે સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ પડતાં નગરજનો અને ખેડૂતો આનંદિત થઈ ઉઠ્યા છે. શહેરમાં વરસાદી માહોલ પૂર્ણપણે છવાયેલો છે.

ગાંધીનગરમાં મેઘરાજાએ ધમાકેદાર રી એન્ટ્રી કરી છે. ગઈકાલથી શરૂ થયેલો વરસાદ આખો દિવસ થોડી થોડી વારે ઝાંપટા સ્વરૂપે પડતો રહ્યો હતો. આજે વહેલી સવારે ૩ વાગે વરસાદે બધડાટી બોલાવવાનું શરૂ કરી દીધુ હતુ. સવારે ૩ વાગ્યાથી શરૂ થયેલો ધોધમાર વરસાદ સવારે ૭ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો તે પછી વરસાદની ગતિ ધીમી પડી હતી. આખો દિવસ પણ ધીમી ધારે વરસાદ વરસતો રહ્યો

**વહેલી પરોઢે ચાર કલાકમાં ચાર ઈંચ વરસાદ : છેલ્લા ચોવીસ કલાકમાં ૧૩૬ મી.મી. વરસાદ વરસતા શહેર તરબતર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા**

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)



**જિલ્લાના કયા તાલુકામાં કેટલો વરસાદ**

જિલ્લામાં આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં દહેગામમાં ૨૬૫ મી.મી., કલોલમાં ૧૮૭ મી.મી., માણસામાં ૨૬૮ મી.મી. અને ગાંધીનગરમાં ૧૮૯ મી.મી. વરસાદ સિઝનનો વરસાદ નોંધાયો છે.

## દહેગામમાં છ કલાકમાં પાંચ ઈંચ વરસાદ

**અમી ધારા જેવા વરસાદથી ખેતર મલક્યાં, તળાવ છલક્યાં : અનપુરમાં વીજકરંટથી એક ગાયનું મોત : દહેગામમાં ભારે વરસાદને કારણે ૪૦૦ વ્યકિતઓનું સ્થળાંતર કરાયું : જિલ્લામાં ત્રણથી ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગઈ કાલે મોડી રાતથી શરૂ થયેલી મેઘ મહેરને પગલે સમગ્ર જિલ્લામાં ઠંડકનો માહોલ સર્જાયો છે. સતત અમીધારા જેવા વરસાદથી ખેતર મલકયાં, તળાવ છલકાયાં છે.

જિલ્લાના દહેગામમાં નોંધાયેલા અતિ ભારે વરસાદને પગલે ૪૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું છે. આ લોકોને તંત્ર એ સલામત સ્થળે બે સ્થાનો પર ખસેડીને ફુડ પેકેટસ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

તો ગાંધીનગર તાલુકાના અનપુર ગામે ચરવા માટે નીકળેલી એક ગાયને વીજ કરંટ લાગતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું છે.

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૫ ટકા જેટલો વરસાદ થઈ જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા

● અનુસંધાન પાન-૭ પર

## કલેક્ટરે સવારથી જ તંત્રને સાબદા રહેવા કહ્યુ હતુ...

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે આજે વહેલી સવારથી જ જિલ્લાના તમામ મામલતદારો સાથે ટેલિફોનથી સંપર્ક કરી અને વરસાદની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા અધિકારીઓને તાકીદ કરી હતી.

દહેગામ પંથકમાં વધતા જતા વરસાદને પગલે તેમણે ઈન્ચાર્જ મામલતદાર શ્રી દેસાઈ સાથે સઘન સંપર્ક રાખી તળાવોના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોનું સ્થળાંતર કરાવવા માટે માર્ગદર્શન આપી સાંજે પરિસ્થિતિની પુનઃ સમીક્ષા કરી હતી.


## સંવેદનશીલ અને સર્જનાત્મક અભિગમ

ગાંધીનગર સમાચારનું લક્ષ્ય છે
સંવેદનશીલ સામાજીક માહોલ.
ગાંધીનગર સમાચારનો માર્ગ છે
સકારાત્મક અને સર્જનાત્મક
વિચારો-સમાચારોની અભિવ્યક્તિ.
ગાંધીનગર સમાચારની પ્રતિબધ્ધતા છે
મૂલ્યનિષ્ઠ અને નિષ્પક્ષ પત્રકારત્વ.

પાટનગરનું પોતાનું આ અખબાર
આગામી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૧૫ થી
ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી
નવી ભાતમાં, નવા રંગ-રૂપમાં,
વિશેષ માહિતીપ્રદ અને વધુ રસપ્રદ થઈને,
અસરકારક કોલમો અને ધારદાર કલમ સાથે,
નયનરમ્ય અને મનોરમ્ય પ્રિન્ટીંગ સાથે,
આપના સુધી પહોંચશે...

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો
અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571




ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી નવી ભાતનું અખબાર